પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૨ | ૧ જુન, ૨૦૧૮, શુક્રવાર ; અ. જેઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાશ્મીરમાં બે આતંકી ઠાર

ઉત્તરી કાશ્મીરના કુપવાડા જિલ્લાના હંદવાડા વિસ્તારના કાઝિયાબાદના જંગલોમાં આતંકીઓએ બુધવારની મોડી રાત્રે સેનાની પેટ્રોલિંગ કંપની પર હુમલો કર્યો હતો. સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી જેમાં બે આતંકીઓ ઠાર કરાયા છે.

### કાશીમાં અંતિમ સંસ્કાર માટે આધાર કાર્ડ ફરજીયાત

મોક્ષદાયક કાશીના વિશે માન્યતા છે કે અહિ મૃત્યુ પામનારને સીધો સ્વર્ગમાં વાસ મળે છે. અહિ હવે અંતિમ સંસ્કાર માટે પ્રશાસન દ્વારા આધાર કાર્ડ ફરજીયાત કરી દેવામાં આવ્યુ છે.

### પતંજલિએ મેસેજિંગ એપ કિમ્ભો લોન્ચ કરી

તાજેતરમાં જ બાબા રામદેવની કંપની પતંજલિએ બીએસએનએલની સાથે મળીને સિમકાર્ડ લોન્ચ કર્યુ છે. તેવામાં હવે પતંજલિ કમ્યુનિકેશન્સે મેસેજિંગ એપ ક્રિમ્ભો પણ લોન્ચ કરી છે. આ એપની સીધી ટક્કર વોટ્સએપ સાથે થશે.

### હિમાચલના જંગલમાં લાગેલી આગ બેકાબૂ

હિમાચલ પ્રદેશમાં જંગલમાં લાગેલી આગ બેકાબૂ બની છે, આગની ઝપેટમાં આવવાથી ડેપ્યુટી રેંજર સહિત ચાર લોકોનાં મંગળવારે મોત થયા હતા, ત્યારબાદ બુધવારે એક વૃદ્ધ મહિલાનું પણ મોત નિપજ્યું હતું. હજુ અનેક લોકો આગમાં ફસાયા હોવાનું જાણવા મળ્યું હતું.

# પેટાચૂંટણીમાં ભાજપને ફટકો

**પરિણામ લાલબત્તી સમાન : ઉત્તરપ્રદેશમાં બેવડો ફટકો : કૈરાના અને નુરપુરમાં ભાજપની હાર : મહારાષ્ટ્રની પાલઘર લોકસભા સીટ ઉપર ભાજપની જીત : ઝારખંડમાં બંને સીટો જેએમએમના ખાતામાં : ગોંડિયા સીટ પર એનસીપીએ કબજો જમાવ્યો**



નવીદિલ્હી,તા. ૩૧

દેશભરની લોકસભાની ચાર અને વિધાનસભાની ૧૦ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાટીને મોટી પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળની પેટાચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને હારનો સામનો કરવો પડ્યો છે. આ ચૂંટણીમાં જીતથી ઉત્સાહિત વિપક્ષે પ્રહારો કરવાની પણ શરૂઆત કરી દીધી છે. ઉત્તરપ્રદેશમાં ભાજપને બેવડો ફટકો પડ્યો છે. એકબાજુ કૈરાના લોકસભા ચૂંટણીમાં તેની હાર થઈ છે જ્યારે બીજી બાજુ નુરપુર વિધાનસભાની પેટાચૂંટણીમાં પણ તેની હાર થઈ છે. નુરપુરમાં પાર્ટીને સમાજવાદી પાર્ટીએ અને કૈરાનામાં રાષ્ટ્રીય લોકદળે હાર આપી છે. ગોરખપુર-ફુલપુર બાદ આ બંને સીટ ઉપર ભાજપની હાર થયા બાદ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. અત્રે નોંધનીય છે કે, કૈરાનામાંથી ભાજપે

● અનુસંધાન પાન-૭ પર

## પેટાચૂંટણીમાં ક્યાં કોની જીત...

- ઉત્તરપ્રદેશની કૈરાના લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં આરએલડીના તબસ્સુમ હસને ભાજપના મૃગાંકાસિંહ પર ૯૫૦૦૦ મતે જીત મેળવી
- સમાજવાદી પાર્ટીએ ઉત્તરપ્રદેશમાં નુરપુર વિધાનસભાની બેઠક જીતી
- ટીએમસીના ઉમેદવાર દુલાલ દાસે પશ્ચિમ બંગાળમાં મહેશતાલા વિધાનસભા પેટાચૂંટણીમાં જીત મેળવી છે
- જેએમએમે ઝારખંડમાં બંને સીટો જીતી. સિલ્લી સીટ પર જેએમએમ ઉમેદવાર સીમા મહોતો અને ગોમિયા વિધાનસભા સીટ પર બબીતાદેવીની જીત થઈ



- પાલઘર લોકસભા પેટાચૂંટણીમાં ભાજપના રાજેન્દ્ર ગાવિતે શિવસેનાના વાંગા પર ૩૯૫૭૪ મતે જીત મેળવી
- બિહારમાં અરેરિયા જિલ્લાની જોકીહાટ સીટ પર આરજેડી ઉમેદવાર શાહનવાઝે જેડીયુના ઉમેદવાર પર ૪૧૨૨૪ મતે જીત મેળવી
- મહારાષ્ટ્રમાં ભંડારા-ગોંડિયા સીટ ૫ એનસીપીના ઉમેદવાર મધુકર કુકડેની જીત થઈ
- પંજાબમાં શાહકોટ સીટ પર કોંગ્રેસના ઉમેદવારે ૩૮૦૦૦ મતે જીત મેળવી
- મેઘાલયમાં અમ્પાતી સીટ પર કોંગ્રેસ ઉમેદવાર મુકુલ સંગ્માની પુત્રી નિયાનીની ૩૧૯૧ મતે જીત થઈ છે
- ઉત્તરાખંડમાં થરાલી વિધાનસભા સીટ પર ભાજપના મગનલાલ શાહની સીટ ખાલી થયા બાદ ભાજપની જીત થઈ
- કેરળમાં ચેંગનુર વિધાનસભા પેટાચૂંટણીમાં સીપીએમ ઉમેદવારની જીત થઈ
- કર્ણાટકમાં રાજેશ્વરીનગર વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર મુનીરત્નાની ૪૧૧૬૨ મતે જીત

# ભાજપને મિત્રોની જરૂર નથી : ઉદ્ધવ ઠાકરે

**ચૂંટણી પંચ પણ ભ્રષ્ટાચારી હોવાનો આક્ષેપ : મહારાષ્ટ્ર સરકાર સાથે છેડો ફાડવા પ્રશ્ને નિર્ણય ન થયો**



મુંબઈ, તા.૩૧

પાલઘર લોકસભા પેટાચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ શિવસેનામાં ચિંતા જોવા મળી હતી. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે, ભાજપને હવે મિત્રની જરૂર રહી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ચાર વર્ષમાં લોકસભામાં ભાજપે બહુમતિ ગુમાવી દીધી છે. મિડિયા સાથે વાતચીત કરતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે, ભાજપે પૈસાની તાકાત પર આ ચૂંટણી જીતી લીધી છે. ભાજપના કાર્યકરો મતદાનના એક દિવસ પહેલા પૈસા વહેંચતા નજરે પડ્યા હતા. ઈવીએમમાં આવી રહેલી ખામીને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, ચૂંટણી પંચની સામે પણ ભ્રષ્ટાચારી વ્યવસ્થાને લઈને કેસ દાખલ થવો જોઈએ.

ઠાકરેએ ઉમેર્યુ હતુ કે, જો ચૂંટણી પંચ કોઈ એક પાર્ટીની

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં જેડીએસને નાણાં તો કોંગ્રેસને ગૃહ મંત્રાલય..!!

બેંગ્લુરુ,તા.૩૧

કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસ ગઠબંધનની સરકારમાં વિભાગોની વહેંચણી પર હજુ સુધી સંમતિ બની શકી નહોતી. કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધનમાં મંત્રાલયો પર સંમતિ બની ગઈ છે. જેડીએસ પાસે નાણા મંત્રાલય રહેશે જ્યારે કોંગ્રેસને ગૃહ મંત્રાલય સોંપવામાં આવ્યુ છે. મંત્રાલયોની વહેંચણણી અંગે પેદા થયેલા મતભેદોના કારણે હજુ સુધી કેબિનેટની રચના થઈ નથી. કોંગ્રેસ અને જેડીએસના નેતાઓમાં છેલ્લા ઘણા દિવસોથી આ અંગે ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે.

મુખ્યમંત્રી કુમારસ્વામી ખેડૂતોની લોન માફ કરવાના પોતાના ચૂંટણી વચનને પૂરુ કરવા માટે નાણા મંત્રાલયને પોતાની પાસે રાખવા ઈચ્છે છે. વળી, કોંગ્રેસનો તર્ક છે કે ગઠબંધનની સરકારમાં હંમેશા નાણા મંત્રાલય ઉપમુખ્યમંત્રી પાસે જ રહ્યુ છે. સૂત્રો મુજબ કોંગ્રેસ નાણા મંત્રાલય જેડીએસના ખાતામાં આપવા માટે રાજી થઈ ગઈ છે. કોંગ્રેસને નાણા મંત્રાલયના બદલામાં ગૃહ મંત્રાલય, ભારે

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભામાં ભાજપ બહુમતિ ઘટીને હવે ૨૭૩ થઈ ચુકી છે

**૧૩ લોકસભા સીટો પૈકી પેટાચૂંટણીમાં ૮માં હાર : બહુમતિનો આંકડો લોકસભામાં ભાજપ પાસે હજુય છે**

નવીદિલ્હી, તા.૩૧

વર્ષ ૨૦૧૪માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૨૮૨ સીટ પર જીત મેળવી હતી. ગૃહમાં બહુમતિના આંકડા કરતા ૧૦ સીટો વધારે ભાજપે જીતી લીધી હતી. ખુબ શાનદાર દેખાવ કરવામાં આવ્યો હતો. હવે ૨૦૧૮ની વાત કરવામાં આવે તો આજે ચૂંટણી પરિણામ જાહેર થયે બાદ ભાજપની પાસે લોકસભામાં ૨૮૨થી ઘટીને ૨૭૩ સીટો રહી ગઈ છે. આમા લોકસભા સ્પીકરને સામેલ કરવામાં આવ્યા નથી. ભાજપની પાસે હજુ પણ બહુમતિનો આંકડો છે. સાથે સાથે સાથી પક્ષોની ૧૨ સીટો પણ છે. અલબત્ત ૨૦૧૪થી હજુ સુધી ભાજપની આઠ સીટો ઘટી ગઈ છે. આ બાબત સંકેત આપે છે કે, પાર્ટીને ૨૦૧૯માં પાર્ટીને સત્તા પર આવવા માટે ખુબ મહેનત કરવી પડશે. ભાજપની ૨૮૨થી ઘટીને ૨૭૩ સીટો કેમ થઈ તેને લઈને પણ રાજકીય પંડિતોમાં ગણતરી ચાલી રહી છે. ભાજપના યેદીયુરપ્પા અને શ્રીરામુલુએ હાલમાં જ લોકસભા બેઠક પરથી રાજીનામુ આપ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં બીજા દિવસે માત્ર સાત પૈસાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૩૧

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં સતત બીજા દિવસે ઘટાડો નોંધાયો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં પ્રતિલિટર સાત પૈસા અને ડીઝલની કિંમતમાં પ્રતિલિટર પાંચ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કર્ણાટકની ચૂંટણી બાદ સતત ૧૬ દિવસ સુધી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો થયા બાદ ગઈ કાલે બુધવારે તેની કિંમતમાં પ્રથમ વાર ઘટાડો કરવામાં આવ્યો હતો, જોકે બુધવારે પેટ્રોલની કિંમતમાં માત્ર એક પૈસા પ્રતિલિટર ઘટાડો થયો હતો, જેને લઈને લોકોએ ખાસ કરીને સોશિયલ મીડિયા પર મોદી સરકારની ચોમેરની ટીકા થઈ હતી. ગુરુવારે દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર રૂ.૭૮.૩૫ અને ડીઝલની કિંમત પ્રતિલિટર રૂ.૬૯.૨૫ થઈ હતી. કોલકાતામાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર રૂ.૮૦.૯૮ અને ડીઝલની કિંમત પ્રતિલિટર રૂ.૭૧.૮૦ થઈ ગઈ છે.

મુંબઈમાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર રૂ.૮૬.૧૬ અને ડીઝલની કિંમત પ્રતિલિટર રૂ.૭૩.૭૩ થઈ છે. ચેન્નઈમાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર રૂ.૮૧.૩૫ અને ડીઝલની કિંમત પ્રતિલિટર રૂ.૭૩.૧૨ થઈ છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ભલે ઘટી રહ્યા હોય, પરંતુ તેનો ફાયદો હજુ સુધી લોકોને સંપૂર્ણપણે આપવામાં આવી રહ્યો નથી. કર્ણાટકની ચૂંટણી બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાનો જે સિલસિલો શરૂ થયો હતો તેને બુધવારે પ્રથમ વાર બ્રેક લાગી હતી.

# બેંક કર્મીઓની હડતાળથી ૨૦ હજાર કરોડના વ્યવહારો અટવાયા

**એટીએમ ખાલી, પગાર પણ અટવાય તેવા સંકેત : આજથી બેંકિંગ સેવા ફરીથી સામાન્ય**

નવી દિલ્હી,તા.૩૧

બેંક કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે આજે પણ બેંકિંગ સેવા ઠપ રહી હતી. બે દિવસની હડતાળનો આજે છેલ્લો દિવસ હતો. યુનાઈટેડ ફોરમ ઓફ બેંકિંગ યુનિયનની અપીલ ઉપર ૧૦ લાખ બેંક કર્મચારીઓ ભારતીય બેંક સંઘના પગારમાં માત્ર બે ટકાના વધારાના લીધે પણ આ હડતાળ પાડવામાં આવી હતી. આવતીકાલે શુક્રવારથી બેંકિંગ સેવા સામાન્ય બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. હડતાળ સંપૂર્પપણે સફળ રહી હોવાનો દાવો યુનાઈટેડ ફોરમ ઓફ બેંકિંગ યુનિયન દ્વારા કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ બેંક હડતાળમાં તમામ શાખાઓના કર્મચારીઓ જોડાયા હતા. મુંબઈ, દિલ્હી, કોલકાતા, અમદાવાદ, જયપુર, પટણા સહિત તમામ મોટા શહેરોમાં બેંક કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. દેશભરમાં જાહેર ક્ષેત્રની ૨૧ બેંકોની ૮૫૦૦૦ શાખા છે. બેંક હડતાળના કારણે લોકો આજે મુશ્કેલીમાં દેખાયા હતા. એટીએમ પણ હવે ખાલી થયા હતા. જો કે, આવતીકાલથી બેંક સેવા સામાન્ય બનશે. જો કે, હડતાળના કારણે પગાર વિલંબ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બેંક કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાળ આજે બીજા દિવસે પણ જારી રહી હતી. બે દિવસની હડતાળના કારણે ભારે નુકસાન થયુ છે. હવે બેંક શાખાઓમાંથી પગારના ઉપાડમાં તકલીફ પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રીઝ ચેમ્બર એસોચેમે કહ્યુ છે કે બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે ૨૦,૦૦૦ કરોડની લેવડદેવડ અટકી છે. હડતાળને ઉકેલવાના પ્રયાસો સફળ રહ્યા ન હતા જ્યારે પગારનો દિવસ બિલકુલ નજીક આવ્યો છે ત્યારે જ આ હડતાળ પડી છે. બેંક અધિકારીઓ રાષ્ટ્રવ્યાપી હડતાળ ઉપર ઉતરી ગયા છે. જાહેર ક્ષેત્રની બેંકના ૧૦ લાખ લોકો હડતાળ ઉપર ઉતર્યા હતા. જો કે, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક જેવી ખાનગી બેંકોમાં ઓપરેશન સામાન્ય રહ્યું હતું. ૨૧ જાહેર ક્ષેત્રની બેંકોની કામગીરી આજે

● અનુસંધાન પાન-૭ પર





